# ગાંધીનગર રનર્સ ગૃપના ૨૧ સભ્યોની સાબરમતી મેરેથોનમાં મેડલ વિનીંગ દોડ

ગાંધીનગર, તા. ૧૬

રનીંગની મેગા ઈવેન્ટ જેવી મેરેથોન સ્પર્ધા અમદાવાદ સાબરમતી મેરેથોન સતત પાંચમે વર્ષે યોજાઈ હતી. આ સ્પર્ધાની ફુલ અને હાફ મેરેથોનમાં દેશ વિદેશથી દોડવીરો આવ્યા હતા. આમાં લગભગ સાત હજાર સ્પર્ધકોએ ભાગ લઈ એમનો રમત પ્રેમ દર્શાવ્યો હતો. રવિવારે વર્લ્ડ કપનો ભારત-પાકિસ્તાન મેચ હાય વોલ્ટેજ ડ્રામા વચ્ચેય આટલા સ્પર્ધકોની હાજરી ઉડીને આંખે વળગે એવી હતી.

ગાંધીનગર રનર્સ ગૃપના આ વખતે ૨૧ સભ્યોએ સ્પર્ધાની હાફ મેરેથોન



એટલે કે ૨૧.૦૯૭ કિ.મી.ની રેસમાં ભાગ લઈ ફિનીશરનો મેડલ મેળવ્યો હતો.. મજાની વાત એ છે કે આ બધાં રનર્સ નોન પ્રોફેશનલ છે અને માત્ર નિજાનંદ માટે અને શરિર સૌષ્ઠવ માટે દોડ લગાવતાં હોય છે.

આ મેરેથોનમાં નિત્યાનંદ શ્રીવાસ્તવ, ઈન્દ્રસિંહ વાઘેલા, વિરલ પટેલ, ફિરોજ રાઠોડ, ડૉ. જીતેન્દ્ર રાજવીર, રાજવીર વાઘેલા, દિપક સકસેના, રાજેશ રાવલ, મયુર થાનકી, પ્રવીણ નાયર, ડૉ. પ્રણવ જોષીપુરા, યતીન બ્રહ્મભટ્ટ, સંતોષ કાપડી, મિતુલ ટીમ્બડીયા, ઉર્મીલ વેદ, ભરત પટેલ, આલોક પાલ, સંજય થોરાત, ડૉ. ગુંજન જૈન, બ્રજેશકુમાર અને બીજુ પિલ્લાઈએ ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. જ્યારે અજય પ્રજાપતિ અને નિરાલી ટીમ્બડીયાએ ડ્રીમ રનમાં ભાગ લીધો હતો.

વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલા આ ગાંધીનગર રનર્સ ગૃપના સભ્યો દર રવિવારે પૂનીતવન ભેગા થઈ ૧૦-૧૨ કિ.મી.ની નિયમીત પ્રેક્ટીસ કરે છે. આજના ફાસ્ટફૂડના જમાનામાં ૫-૭ કિ.મી. ચાલતા જ્યાં હાંફી જવાય છે, ત્યાં આ રનર્સ ૨૧ કી.મી. દોડીને સમાજ માટે શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડે છે. ગાંધીનગર રનર્સ ગૃપના આ દોડતા મિલ્ખાઓને અનેક શુભેચ્છાઓ મળી રહી છે. ગાંધીનગર શહેર આ દોડવીર માટે ગર્વ અનુભવી દોડે ગાંધીનીગરની શુભેચ્છા પાઠવે છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

# આજે શહેરના શિવાલયોમાં મહાશિવરાત્રી ભાવપૂર્વક ઉજવાશે

**શિવમંદિરો બમ બમ ભોલે, ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠશે : શિવાલયોમાં લઘુરૂદ્ર, હોમાત્મક, મહાઆરતી ભજન અને શિવ મહીમ્નના પાઠ : સે. ૩-ડી રામેશ્વર મંદિરમાં અમરનાથના દર્શન : શિવાલયોને રોશનીથી શણગારવામાં આવશે : સે. ૨૨ પંચદેવ મંદિર પરંપરાગત મેળાનું આયોજન**

ગાંધીનગર, તા. ૧૬

આજે શિવરાત્રી ભગવાન શિવની પૂજા-અર્ચના માટેનો શ્રેષ્ઠ દિવસ. ભોળાનાથની ભક્તિ માટે શિવાલયોમાં ભાવિકોની ભીડ ઉમટશે. બમ બમ ભોલે અને ઓમ નમઃ શિવાયના નાદથી નગરના શિવાલયો ગુંજી ઉઠશે. દેવાધિ દેવ મહાદેવના આશીર્વાદ અને કૃપાદૃષ્ટિ મેળવવા નગરના શિવાલયોમાં લઘુરૂદ્ર, હોમાત્મક, હવન, મહાઆરતી અને ભજન સહીતના અનોકપ્રિય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ ંછે. શહેરના શિવમંદિરોને પણ રોશનીથી શણગારવામાં આવ્યા છે. સે. ૨૨ના પંચદેવ મંદિર પાસે શિવરાત્રિ નિમિત્તે પરંપરાગત મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શહેરમાં શિવરાત્રીની ઉજવણી માટે ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભગવાન શિવની પૂજા-અર્ચના માટે શિવમંદિરોમાં તૈયારીઓ કરી દેવાઈ છે. શહેરમાં સે. ૨૨ સ્થિત પંચદેવ મંદિર, સે. ૨૧ના

● અનુસંધાન પાન-૭ પર

## મેળામાં સ્વાઈન ફલુને અનુલક્ષી આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ

શિવરાત્રી નિમિત્તે પંચદેવ મંદિર ખાતે પરંપરાગત મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ભાજપ મહાનગર દ્વારા સવારે ૧૦.૦૦ વાગ્યાથી સભ્ય નોંધણી ઝુંબેશ પણ શરૂ કરવામાં આવનાર છે. આ દરમિયાન સ્વાઈન ફલુના રોગચાળાને ધ્યાને લઈ મેળામાં આયુર્વૈદિક ઉકાળાનું પણ વિતરણ કરવામાં આવશે.



(તસવીર : દિપક જાની)

# શહેરના જાણીતા વેપારી રાધે સ્વીટ્સવાળા ચંદ્રકાન્તભાઈનુ અવસાન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના જાણીતા વેપારી શ્રી ચંદ્રકાન્તભાઈ સુખડીયાનુ ગઈકાલે મોડીરાત્રે અવસાન થતા ઘેરા શોકની લાગણી જન્મી હતી. ગાંધીનગરની સ્થાપનાકાળથી નગરના વેપાર ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર ચંદ્રકાન્તભાઈ સુખડીયાના અવસાનથી વેપારીઆલમે શોક વ્યક્ત કર્યો છે. ભારે પરિશ્રમી સ્વભાવ અને વ્યવસાયિક સમર્પિતતાના કારણે તેઓની ભારે નામના ઉભી થઈ છે.



સેકટર-૨૯માં નાનકડી દુકાનમાં સુખડીયા સ્વીટમાર્ટ શરૂ કરી ગાંધીનગરના વેપારક્ષેત્રમાં સ્વીટ ફરસાણની શરૂઆત કરનાર ચંદ્રકાન્તભાઈએ સ્વબળે રાધે સ્વીટમાર્ટ અને અદ્યતન સ્વીટ શૉરૂમથી નગરને એક ઓળખ અપાવી છે. ધર્મ પરાયણ વ્યક્તિત્વ ધરાવતા ચંદ્રકાન્તભાઈ સુખડીયા સ્વભાવે સાલસ અને પ્રેમાણ વ્યક્તિત્વ ધરાવતા હતા. વિશાળ પરિવારનું નેતૃત્વ કરી સૌને સાથે રાખવામાં માનતા હતા.

છેલ્લા એક મહિનાથી માંદગીમાં પટકાયેલ ૬૮ વર્ષિય ચંદ્રકાન્તભાઈએ રવિવારે સાંજે અંતિમ શ્વાસ લીધો હતો. આજે વહેલી સવારે નીકળેલી અંતિમ યાત્રામાં વેપારીઓ, જ્ઞાતિજનો અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. બે ભાઈઓ અને બે પુત્રો સહિતના વિશાળ પરિવારને વિલાપ કરતા છોડી તેઓ સ્વધામે પહોંચી ગયા છે.

# રોડ સેફટી માટે ચ-૩ સર્કલને ૪ મીટર નાનુ કરવામાં આવશે

**૪૦નો ડાયામીટર ધરાવતા વિશાળ સર્કલના લીધે વાહનો પલ્ટી મારે છે : અકસ્માતો સર્જાય છે**

ગાંધીનગર, તા. ૧૬

ચ-૩ સર્કલનો વિસ્તાર સંભવિત અકસ્માત ઝોનમાં ફેરવાયો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આ વિશાળ સર્કલ પર ભારે વાહનો પલ્ટી મારવા ઉપરાંત ગાડીઓ સર્કલમાં ઘુસી જવાના કિસ્સાઓ વારંવાર પ્રકાશમાં આવે છે. આ ભયજનક સ્થિતિ નિવારવા તંત્ર દ્વારા સર્કલનું ડાયામીટર ઘટાડવા વિચારણા હાથ ધરવામાં આવી છે. સ્પોર્ટસ યુનિવર્સિટીએ આ સર્કલ વિકસાવવાનું કામ હાથ ધર્યુ છે. ત્યારે સર્કલને ૪ મીટર નાનુ કરવામાં આવશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરના સર્કલોને નવા રૂપરંગ અપાયા બાદ સર્કલોની નગરી તરીકેની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં મુખ્ય માર્ગો પરના સર્કલો આકર્ષણરૂપ બન્યા છે. ગત વાઈબ્રન્ટ સમિટ પૂર્વે જ તમામ સર્કલોને નવા થીમ આધારિત વિકસાવવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# રોડ નં. ૫ ને પણ સીક્સલેન બનાવવા સક્રિય વિચારણા

**'ગ' અને 'ખ' માર્ગને સીક્સલેન બનાવવા વિભાગને દરખાસ્ત**

ગાંધીનગર, તા. ૧૬

શહેરના 'ખ' અને 'ગ' માર્ગના રોડનેટવર્કને અપગ્રેડ કરવા આ બન્ને રસ્તાઓને સીક્સલેન બનાવવાની દરખાસ્ત કરવામાં આવી છે. જ્યારે ઘ-૫ થી જીઆઈડીસી તરફના રોડ નં. ૫ને પણ સીક્સલેન બનાવવા આગામી સમયમાં દરખાસ્ત કરવામાં આવશે. મહાત્મા મંદિરના લીધે આ રૂટમાં પણ વી.આઈ.પી. મહાનુભાવોની અવર-જવર રહેતી હોવાથી આ મામલે વિચારણા હાથ ધરવામાં આવશે.

શહેરમાં વિકાસના અનેકવિધ પ્રોજેક્ટો પૂર્ણ થયા બાદ વસતી અને વિકાસના નવા આયાયો અસ્થિત્વમાં આવતા શહેરનું રોડનેટવર્ક પણ અપગ્રેડ કરી દેવાયું છે. મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ નગરમાં વી.આઈ.પી.ઓની મુવમેન્ટ વધી ગઈ છે. આ ઉપરાંત સે. ૧૭માં એક્ઝીબીશન સેન્ટરનું નિર્માણ થયા બાદ નગરનો ટ્રાફીક સિનારીયો પણ બદલાયો છે. શહેરની વસ્તીની સાથે નગરમાં છેલ્લા એક દાયકા દરમિયાન વાહનોની સંખ્યા પણ નોંધપાત્ર વધી છે. જેના લીધે શહેરના માર્ગો પર ટ્રાફીકનુ ભારણ વધ્યું છે. આવા સંજોગોમાં નગરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પર ટ્રાફીકનું ભારણ ઘટાડવા 'ગ' અને 'ખ' માર્ગને સીક્સલેન બનાવવા દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત શહેરના ઉભા રસ્તા નં. ૫ ને પણ ફોરલેનમાંથી સીક્સલેન બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. મહાત્મા મંદિરના લીધે આ વિસ્તારમાં પણ સમયાંતરે મહાનુભાવોની અવરજવર વધુ રહે છે. સઘળી સ્થિતિને ધ્યાને લઈ આ માર્ગને સીક્સલેન બનાવવા ટુંકમાં દરખાસ્ત થશે.




Launching on 22nd February

Over here there is something new to be uncovered & discovered

come where every possibilities happen...

SIDDHRAJ | Z+ A Tropical Experience

6 Rooms Premium Living

Project Marketed by: tps The Property Shop Call: +91 97251 07999


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com